### પુસ્તકો વિના શરૂ થયું નવું શૈક્ષણિક સત્ર

# પુસ્તકો વગર સુરતની શાળાઓમાં મજબૂરીવશ ડિજિટલ અભ્યાસ

**ડિજિટલ** પુસ્તકો અને ઓનલાઈન શિક્ષણથી અભ્યાસક્રમ આગળ ધપાવવાનો પ્રયાસ

**30 જૂન** સુધી તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો પહોંચાડવાનો સરકારનો દાવો

સુરતઃ ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ પાઠ્યપુસ્તક મંડળના છાપકામ અને વહીવટી વિલંબને કારણે રાજ્યની અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓને હજુ સુધી પાઠ્યપુસ્તકો મળ્યા નથી. પુસ્તકોના અભાવે શિક્ષણકાર્ય ખોરવાય નહીં તે માટે સુરત જિલ્લાની સરકારી અને ખાનગી શાળાઓએ સ્માર્ટ ક્લાસ અને ડિજિટલ શિક્ષણનો માર્ગ અપનાવ્યો છે.

રાજ્ય સરકારે વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાતરી આપી છે કે આગામી 30 જૂન સુધીમાં તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. જોકે હાલની સ્થિતિમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં મુશ્કેલી ન પડે તે માટે શિક્ષકો ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને પાઠ્યક્રમ પૂર્ણ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ 1 થી 12 સુધીના તમામ પાઠ્યપુસ્તકો ડિજિટલ સ્વરૂપે (PDF) ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ મંડળની સત્તાવાર વેબસાઇટ પરથી આ પુસ્તકો વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકે છે. તેના કારણે ભૌતિક પુસ્તકોના અભાવે પણ અભ્યાસ ચાલુ રાખવામાં સહાય મળી રહી છે. પાઠ્યપુસ્તકોના અભાવે ઉભી થયેલી મુશ્કેલી વચ્ચે સુરતની શાળાઓએ સ્માર્ટ ક્લાસ, ડિજિટલ પુસ્તકો અને ઓનલાઈન શિક્ષણના માધ્યમથી શિક્ષણકાર્ય ચાલુ રાખીને ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કર્યો છે. હવે વિદ્યાર્થીઓ અને વાલીઓ સરકારના વચન મુજબ સમયસર પુસ્તકો ઉપલબ્ધ થવાની રાહ જોઈ રહ્યા છે.

#### G-Shala અને DIKSHA એપથી ઓનલાઈન અભ્યાસ

રાજ્ય સરકારની 'G-Shala' અને 'DIKSHA' જેવી ઓનલાઈન શિક્ષણ એપ્લિકેશનો પણ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સાબિત થઈ રહી છે. આ એપ્સમાં ધોરણ 1 થી 12 સુધીના અભ્યાસક્રમ ઉપરાંત વિવિધ વિષયોના શૈક્ષણિક વિડીયો, ઇ-સામગ્રી અને અભ્યાસલક્ષી માર્ગદર્શન ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને ઘરે બેઠા પણ અભ્યાસ કરવાની સુવિધા મળી રહી છે.

#### સ્માર્ટ બોર્ડથી ચાલી રહ્યું છે શિક્ષણકાર્ય

સુરતની એક શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે, "હજુ સુધી પાઠ્યપુસ્તકો અમારી શાળામાં પહોંચ્યા નથી અને પુસ્તકો ક્યારે આવશે તેની પણ કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી. હાલમાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક નુકસાન ન થાય તે માટે સ્માર્ટ બોર્ડ, પ્રોજેક્ટર અને ડિજિટલ પુસ્તકોના માધ્યમથી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે." તેમણે વધુમાં જણાવ્યું કે શિક્ષકો પણ ડિજિટલ સામગ્રીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વિષયવસ્તુ સમજાવી રહ્યા છે, જેથી અભ્યાસક્રમ સમયસર પૂર્ણ થઈ શકે.

#### વાલીઓમાં ચિંતા, પરંતુ ડિજિટલ વિકલ્પથી રાહત

પુસ્તકોના વિલંબને કારણે કેટલાક વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે, પરંતુ ડિજિટલ પુસ્તકો અને ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થાના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ અટકી ગયો નથી. શિક્ષણ વિભાગ પણ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

# ગુજરાત ક્વિનમાંથી TTનું જ સરકારી ટેબલેટ ચોરાઈ ગયું

**રેલવે** એલસીબીએ ગણતરીના કલાકોમાં જ આરોપીને શોધી કાઢ્યો



સુરતઃ સુરત રેલવે એલસીબીની ટીમે ટ્રેનમાં ફરજ બજાવતા TTE ના સરકારી ટેબલેટની ચોરી કરનારને રેલવે એલસીબીએ ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ ગત તા. ૧૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાત ક્વીન ટ્રેન (નંબર ૧૯૦૩૩) સુરતથી વલસાડ તરફ જઈ રહી હતી. આ દરમિયાન ટ્રેનના સી/૨ કોચમાં ફરજ બજાવતા TTE સંતનકુમાર નંદકિશોર જાદવનું ડાયમીન કંપનીનું રૂ. ૧૫,૦૦૦ની કિંમતનું સરકારી HHT ટેબલેટ ચોરાઈ ગયું હતું. આ મામલે વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી, પરંતુ લાંબા સમય સુધી આરોપીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન રેલવે એલસીબીએ સલાબતપુરા વિસ્તારમાંથી લતીફ ઉર્ફે શાહરૂખ કાલીયો નામના શંકાસ્પદ આરોપીને ઝડપી લીધો હતો. તેની ચોરાયેલું સરકારી ટેબલેટ મળી આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી તેને વધુ કાર્યવાહી માટે વલસાડ રેલવે પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. રેલવે એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર ટી.વી. પટેલ અને સબ-ઈન્સ્પેક્ટર રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ ભીખુભાને મળેલી બાતમીને આધારે પોલીસે આ ઓપરેશન પાર પાડ્યું

### મોડી સાંજ સુધી મહિલાની શોધખોળ છતાં મહિલા નહીં મળી

# કૂતરું આડું આવતાં મોપેડ નહેરમાં ખાબકી, મહિલા તણાઈ ગઈ

**અંબિકાના** વાંસકુઈનું દંપતી ઘાસચારો કાપી પરત ફરતું હતું

**કૂતરાને** બચાવવાના પ્રયાસમાં વિશાલ પટેલે મોપેડ પરનો કાબૂ ગુમાવ્યો

**પતિ** નહેરના પાણીમાંથી બહાર આવી ગયો, પત્ની લાપતા

અનાવલઃ અંબિકાના વાંસકુઈ નહેર ફળિયા વિસ્તારમાં ખેતરેથી ઘાસચારો કાપી પરત ફરી રહેલા દંપતીનું મોપેડ કાકરાપાર ડાબા કાંઠાની મુખ્ય કેનાલ નજીક અકસ્માતગ્રસ્ત બનતાં પત્ની નહેરના ધસમસતા પાણીમાં તણાઈ જતાં ગુમ થઈ હતી, જ્યારે પતિનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર વાંસકુઈ નહેર ફળિયાના રહેવાસી વિશાલ હસમુખભાઈ પટેલ પત્ની પિનલ (ઉં. આશરે 28 વર્ષ) સાથે ખેતરે ઘાસચારો કાપવા ગયાં હતાં. બપોરે તેઓ મોપેડ નં.(GJ-19-BS-1162) પર ઘરે પરત ફરી રહ્યાં હતાં.


દરમિયાન કાકરાપાર ડાબા કાંઠાની મુખ્ય કેનાલ પરથી પસાર થતાં અચાનક એક કૂતરું રસ્તામાં આવી ગયું હતું. કૂતરાને બચાવવાના પ્રયાસમાં વિશાલભાઈએ મોપેડ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને વાહન સહિત બંને નહેરમાં ખાબક્યાં હતાં. અકસ્માત બાદ વિશાલભાઈ ભારે જહેમત બાદ નહેરના પાણીમાંથી બહાર નીકળી આવ્યા હતા, પરંતુ તેમની પત્ની પિનલબેન ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ જતાં ગુમ થઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં સ્થળે દોડી આવ્યા હતા અને અનાવલ પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસે તાત્કાલિક ફાયર બ્રિગેડ અને બચાવ ટીમને ઘટના સ્થળે બોલાવી શોધખોળ શરૂ કરાવી હતી. બપોરે 3:30 વાગ્યે 112 મારફતે મળેલા કોલના આધારે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મોડી સાંજ સુધી મહિલાની શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી. અનાવલ પોલીસે સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# CSEET હવે ઓફલાઈન મોડમાં, પેપર વાંચવા મળશે વધારાની 15 મિનિટ

**ICSIએ** જાહેર કર્યું ઓક્ટોબર-ડિસેમ્બર પરીક્ષાનું શિડ્યૂલ

**CS** એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલની પરીક્ષાઓ 21 ડિસેમ્બરથી




સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) દ્વારા ઓક્ટોબર અને ડિસેમ્બર 2026માં યોજાનારી વિવિધ પરીક્ષાઓનું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. આ વખતે વિદ્યાર્થીઓ માટે સૌથી મહત્વનો ફેરફાર CSEET (કંપની સેક્રેટરી એક્ઝિક્યુટિવ એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષા પદ્ધતિમાં કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ઓનલાઈન લેવાતી CSEET પરીક્ષા હવે પરંપરાગત પેન-પેપર આધારિત ઓફલાઈન મોડમાં યોજાશે.

ICSIના નિર્ણય મુજબ CSEETની પરીક્ષાઓ દેશભરમાં 1 ઓક્ટોબરથી શરૂ થશે. ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર પર હાજર રહીને લેખિત રીતે પરીક્ષા આપવાની રહેશે. ઓનલાઈન પરીક્ષાની જગ્યાએ ઓફલાઈન મોડ અપનાવાતા વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર સાથે વધુ સારી રીતે કામ કરવાની અને જવાબો રજૂ કરવાની તક મળશે. વિદ્યાર્થીઓને પરીક્ષાની વધુ અસરકારક તૈયારી અને પ્રશ્નપત્રને સમજવામાં સહાયરૂપ થવા માટે ICSIએ વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

આ વર્ષે ઉમેદવારોને પ્રશ્નપત્ર વાંચવા માટે વધારાની 15 મિનિટ ફાળવવામાં આવશે. જેના કારણે વિદ્યાર્થીઓ પ્રશ્નોની રચના અને ગુણભાર સમજીને વધુ સારી રીતે સમયનું આયોજન કરી શકશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ CSEET પરીક્ષાઓ બપોરે 2:30 વાગ્યાથી સાંજે 5:45 વાગ્યા સુધી યોજાશે. જ્યારે CS એક્ઝિક્યુટિવ અને CS પ્રોફેશનલ કોર્સની મુખ્ય પરીક્ષાઓ 21 ડિસેમ્બરથી શરૂ થઈ 28 ડિસેમ્બર સુધી ચાલશે. ICSIના આ નિર્ણયને વિદ્યાર્થીઓ માટે અનુકૂળ અને પરીક્ષા પ્રક્રિયાને વધુ પારદર્શક તથા અસરકારક બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.

# સુરત જિ.પં.ના નિવૃત્ત ક્લાર્ક સામે વધુ મિલકતનો ગુનો

**૨૦૨૩માં** નિવૃત્ત થયેલા દિલીપ પટેલ સામે એસીબીએ ગુનો નોંધાવ્યો

સુરતઃ સુરત જિલ્લા પંચાયતમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ નિવૃત્ત એવા દિલીપભાઈ નારણભાઈ પટેલ વિરુદ્ધ તેમની કાયદેસરની આવક કરતાં રૂ. ૩૧,૦૦,૪૦૦ની અપ્રમાણસર મિલકત વસાવવા બદલ સુરત શહેર એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આરોપી દિલીપભાઈ પટેલ સુરત જિલ્લા પંચાયતમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન તા. ૦૧/૦૧/૨૦૦૮થી તા. ૩૦/૦૯/૨૦૧૮ સુધીના આશરે દસ વર્ષના ગાળામાં હોદ્દાનો દુરુપયોગ કરી વિવિધ ગેરરીતિઓ આચરી આર્થિક લાભ મેળવ્યો હોવાનું એસીબીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. રાજ્યસેવક તરીકેની સત્તાનો દુરુપયોગ કરી તેમણે ગુનાહિત ગેરવર્તણૂક દ્વારા મોટી માત્રામાં અપ્રમાણસર સંપત્તિ એકત્ર કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

એસીબીના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ નિર્ધારિત સમયગાળા દરમિયાન પોતાની જાણીતી કાયદેસરની આવકની સરખામણીએ ૩૧.૪૩ ટકા જેટલી અપ્રમાણસર મિલકત વસાવી હતી.

આ મામલે સરકાર તરફથી સુરત શહેર એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર કે. જે. ધડુકે ફરિયાદ નોંધાવતા આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તેની જહાંગીરપુરા ખાતે આવેલા રહેણાંક ખાતેથી પકડી ધરપકડ કરવામાં આવી છે.

સિનિયર કલાર્ક વર્ષ ૨૦૨૩માં નિવૃત થયા હતા.તેમના કાર્યકર દરમિયાન તેમની વિરુદ્ધ એક અરજી થઈ હતી જેની તપાસ દરમિયાન સમગ્ર ગેરરીતિ બહાર આવી હતી.

# ઉધના-બાન્દ્રા ઈન્ટરસિટી હવે રોજ દોડશે

**બપોરે** ૩:૪૫ વાગ્યે ઉધનાથી રવાના થશે અને રાત્રે ૯:૧૫ વાગ્યે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે

**સવારે** ૯ વાગ્યે બાન્દ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરશે અને બપોરે ૩ વાગ્યે ઉધના પહોંચશે

સુરત : પશ્ચિમ રેલવે દ્વારા લાંબા સમયથી વિશેષ ટ્રેન (સ્પેશિયલ) તરીકે દોડતી ઉધના-બાન્દ્રા ટર્મિનસ ઈન્ટરસિટીને હવે કાયમી એટલે કે નિયમિત ટ્રેનનો દરજ્જો આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી સુરતથી મુંબઈ વચ્ચે ચાલતી આ બીજી નિયમિત ઈન્ટરસિટી ટ્રેન બની રહેશે.

રેલવેના સત્તાવાર અહેવાલ મુજબ, અત્યાર સુધી ૦૯૦૫૫/૦૯૦૫૬ નંબર હેઠળ દોડતી આ સ્પેશિયલ ટ્રેનને હવે ૧ ઓગસ્ટ ૨૦૨૬ થી નવા નંબર ૧૯૦૫૫/૧૯૦૫૬ બાન્દ્રા ટર્મિનસ-ઉધના એક્સપ્રેસ તરીકે ઓળખવામાં આવશે. આ ટ્રેન દરરોજ બંને દિશાઓમાં નિયમિતપણે દોડશે, જેનાથી મુસાફરોએ ટ્રેનના સંચાલન અંગેની અનિશ્ચિતતાનો સામનો કરવો નહીં પડે. આ ફેરફારથી સુરત, ઉધના, વલસાડ, વાપી અને મુંબઈ ક્ષેત્રના દૈનિક મુસાફરો, નોકરીયાત વર્ગ, વેપારીઓ અને વિદ્યાર્થીઓને સૌથી વધુ ફાયદો થશે. ટ્રેન નંબર ૧૯૦૫૬ ઉધના-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ દરરોજ બપોરે ૩:૪૫ વાગ્યે ઉધનાથી રવાના થશે અને તે જ રાત્રે ૯:૧૫ વાગ્યે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. બીજી તરફ, ટ્રેન નંબર ૧૯૦૫૫ બાન્દ્રા ટર્મિનસ-ઉધના એક્સપ્રેસ સવારે ૯:૦૦ વાગ્યે બાન્દ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરશે અને બપોરે ૩:૦૦ વાગ્યે ઉધના પહોંચશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### કેનેડાના...

લોકો તપાસ એજન્સીઓના નકલી અધિકારી બનીને કેનેડા સ્થિત લોકોને ડરાવીને રૂપિયા પડાવતા હતા. આ રીતે લાખો રૂપિયા પડાવતા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

વલસાડ જિલ્લા SOG એ બાતમીના આધારે વાપીના ડુંગરા સ્થિત હરિયા પાર્કમાં અલ્કેશ શાહના બંગલામાં દરોડા પાડીને બે મહિલા સહિત કુલ 11 આરોપીની ધરપકડ કરી છે. વાપી કેમ્પ ધરાવતા વલસાડ જિલ્લા SOGને બાતમી મળી હતી કે વાપીના હરિયા પાર્કમાં રાતના અંધારામાં એક હાઈફાઈ બંગલામાં ગેરકાયદે કોલ સેન્ટર ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો અને આ બંગલામાંથી ઈન્ટરનેશનલ કોલ સેન્ટર એટલે કે કેનેડા તેમજ અન્ય દેશોમાં રહેતા લોકોને તેમના નામે આવેલા પાર્સલમાં ડ્રગ્સ કે અન્ય નશા યુક્ત પાવડર હોવાનું જણાવી ધમકાવી તેમની પાસેથી મોટી રકમ પડાવી લેતાં હતા. આ કોલ સેન્ટરમાંથી 11 પૈકી બે મહિલા અને નવ પુરુષને ઝડપી પાડી વાપી એસ.ઓ.જી પોલીસની ટીમ વધુ તપાસ હાથ ધરી છે. જોકે આ કોલ સેન્ટર કેટલા સમયથી ચાલતું હતું અને તેને કોણ ચલાવતું હતું સાથે અહીં તેને સપોર્ટ કરનાર અંગે પણ તપાસ થઈ રહી છે. ઝડપાયેલા આરોપીઓ હરિયાપાર્કમાં આ બંગલામાં ભાડે રહી કોલ સેન્ટર ચલાવતા હોવાનું પણ પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. એક મુંબઈ રહેતા રાજેશ ઉર્ફે રાજ ઠોલાર (રહે., જાગૃતી નગર, મેટ્રો સ્ટેશન પાસે, મુંબઈ)ને પોલીસે વોન્ટેડ બતાવી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### સુરતની ગૌરી...

પ્રેરણારૂપ બની રહેશે. આવતીકાલે યોજાનારી પત્રકાર પરિષદ દરમિયાન ગૌરી ગોયલ પોતાની ક્રિકેટ સફર, અત્યાર સુધીની સિદ્ધિઓ, બીસીસીઆઈ કેમ્પના અનુભવો તેમજ ભારતીય ટીમ સાથેની આગામી આંતરરાષ્ટ્રીય જવાબદારી અંગે મીડિયા સાથે વિચારો વહેંચશે. ભારતની U 19 / T-20 અને વન-ડે બંને આંતરરાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવનાર ગૌરી ગોયલ સુરત અને ગુજરાતની પ્રથમ મહિલા ક્રિકેટર બની છે.

### સુરતમાં ઉકળાટ...

વિભાગે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત માટે આગામી દિવસોમાં વરસાદી આગાહી જાહેર કરી છે. વિભાગના જણાવ્યા મુજબ આજથી 17 જૂન સુધીના સમયગાળા દરમિયાન દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે.

### ડભારી અને...

ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. કામરેજ તાલુકામાં ધોરણ પારડીનું ગાય પગલા મંદિર (તાપી નદી ઓવારો), ટીમ્બાનું ગલતેશ્વર મહાદેવ મંદિર વિસ્તાર, ડુંગરાનો તાપી કિનારો,હરીપુરા કોઝ-વે, વાઘેચા મંદિર નજીકનો તાપી કિનારો તેમજ ઉવા, તેન અને અલ્લુ ગામોની નહેરો તથા તરભોણ તળાવમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો છે. મહુવા અને માંડવી તાલુકામાં વહેતી નદીઓ અને તળાવોમાં જવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. આ ઉપરાંત ઓલપાડ તાલુકાના ડભારી બીચ તેમજ મોર, ભગવા અને દાંડી દરિયાકાંઠાના વિસ્તારોમાં સહેલાણીઓ અને સ્થાનિક લોકોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. જ્યારે ઉમરપાડા તાલુકાના દેવઘાટ વિસ્તારને પણ પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે.

### હવે PIથી...

દરરોજ સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન પોતાના પોલીસ સ્ટેશનમાં અચૂક હાજર રહીને મુલાકાતીઓને રૂબરૂ મળવાનું રહેશે. તેઓએ લોકોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી, લેખિત અરજીઓ સ્વીકારી અને તેના પર તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવાની રહેશે.ડીજીપી મલિકે અરજીઓના નિકાલ માટે પણ કડક સમયમર્યાદા નક્કી કરી છે. સામાન્ય પ્રકારની તમામ ફરિયાદો અને અરજીઓનો નિકાલ મહત્તમ 15 દિવસમાં કરવાનો રહેશે, જ્યારે આર્થિક ગુનાઓ, પારિવારિક અને વૈવાહિક વિવાદો, તબીબી બેદરકારી તેમજ ભ્રષ્ટાચાર સંબંધિત ગંભીર અરજીઓનો નિકાલ 6 અઠવાડિયામાં કરવાનો રહેશે. કોઈ પણ અરજીની તપાસ દરમિયાન સંજ્ઞેય ગુનો બન્યો હોવાનું સામે આવે તો તાત્કાલિક ફરિયાદ (FIR) નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. વહીવટી પારદર્શિતા જળવાઈ રહે તે માટે દરેક કચેરીમાં અરજદારોની વિગતો નોંધવા માટે અલગ રજિસ્ટર રાખવાની પણ સૂચના આપવામાં આવી છે. દરેક અરજીની તપાસ નિષ્પક્ષતા અને ન્યાયિક અભિગમથી થાય તે માટે પોલીસ વડાએ ખાસ ભાર મૂક્યો છે.

રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકના આ આદેશને પોલીસ તંત્રમાં 'જનતા દરબાર મોડલ' તરીકે જોવામાં આવી રહ્યો છે. પોલીસ વિભાગ હવે માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સી નહીં, પરંતુ લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટેની જવાબદાર અને સંવેદનશીલ સંસ્થા તરીકે કાર્ય કરે તે દિશામાં આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

### તિથલ દરિયાકિનારે...

તે કેટલું જોખમી છે અને આ ડ્રમ દરિયામાં ક્યાંથી વહીને આવ્યા છે, તે તમામ દિશાઓમાં પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. દરિયાકિનારેથી આ રીતે કેમિકલના ડ્રમ મળી આવવા તે સુરક્ષા અને પર્યાવરણ બંને દ્રષ્ટિએ ચિંતાનો વિષય બન્યો છે, જેને લઈને સ્થાનિક પંથકમાં હાલ ભારે ચર્ચા જાગી છે.

### હમણા સુરત...

મહત્વનો સવાલ - "નાસીરનગરમાં ડિમોલીશન કોણે કર્યું?" - તેનો સ્પષ્ટ જવાબ મનપા તંત્ર 12 દિવસ બાદ પણ આપી શક્યું નથી. ત્યારે આજે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થેન્નારાસનની અધ્યક્ષતામાં યોજાયેલી તમામ મહાનગરપાલિકાના કમિશનરોની સંકલન બેઠક દરમિયાન સુરતના નાસીરનગર ડિમોલીશન મુદ્દે અગ્ર સચિવે પુછ્યું હતું કે "હમણા સુરત બહુ ચર્ચામાં છે''?. ડિમોલીશનનો મામલો શું છે?" તેવું પણ પુછ્યું હતું.

### મનપાની કચેરીએ...

બાદ મનપા કમિશનરે ઈન્ચાર્જ સિટી ઇજનેર ડી.સી.ભગવાગરને તપાસ સોંપી કસુરવાર માર્શલો સામે પગલા લેવાની ખાતરી આપી હતી. જ્યારે ઘટના સ્થળે દોડી આવેલા ડીસીપી આલોક કુમારે પણ દોષિત પોલીસકર્મીઓ સામે કાર્યવાહી કરવાની બાંહેધરી આપતા મામલો થાળે પડયો હતો.

### નાસીરનગરનું ભૂતિયા...

આ કાર્યવાહી કરવા માટે સુરત મહાનગરપાલિકા અધિકૃત હતી. કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાયેલી રહે તે માટે પોલીસનો સહયોગ લેવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા સંબંધિત દસ્તાવેજી પુરાવાના આધારે હાથ ધરાઈ હતી. આ કોઈ ભૂતિયા ડિમોલિશન નથી પરંતુ કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે થયેલી કાર્યવાહી છે. આ કામગીરી દરમિયાન થયેલી ઘટનાને લઈને મ્યુનિ.કમિ. દ્વારા તપાસ સમિતીની રચના કરવામાં આવી છે. નિષ્પક્ષ તપાસ ચાલી રહી છે. તેમ છતાં કેટલાક કહેવાતા આગેવાનો આ મુદ્દાનો રાજકીય લાભ માટે ઉપયોગ કરી રહ્યા છે. જે મનપાના અધિકારીઓ વિશે ગેરસમજ ઊભી કરવામાં આવી રહી છે. બિનઅધિકૃત મીડિયા દ્વારા અધિકારીઓને બોલવા દેવામાં પણ આવ્યા નથી. સેન્ટ્રલ ઝોનના વડા દ્વારા રજૂ કરાયેલા વિડીયોથી એવી છાપ ઉભી થઈ છે કે આ ડિમોલિશન મનપા દ્વારા જ કરવામાં આવ્યું છે. જ્યારે બીજી તરફ કમિટી આ અંગેની કાર્યવાહી કરશે તેવું પણ કહેવામાં આવ્યું હોવાથી ઝોનલ ચીફ દ્વારા ગુંચવણ ઊભી કરવામાં આવી હોવાથી આ ડિમોલિશન કોણે કરાવ્યું તે મામલો પેચીદો બન્યો છે.

### વિવાદાસ્પદ નાસીરનગર વસાહતમાં વર્ષો પહેલાં જ પાણીની લાઇન નખાઈ ગઈ હતી

નાસીરનગરમાં ડિમોલિશન વિવાદ વચ્ચે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા કરવામાં આવેલી આરટીઆઈની અરજીમાં મહત્વનો ખુલાસો સામે આવ્યો છે. અરજીના જવાબમાં સુરત મહાનગરપાલિકાના કતારગામના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઇજનેર દ્વારા સ્પષ્ટ સ્વીકારવામાં આવ્યું છે કે, વેડ દરવાજા ચંદ્રશેખર આઝાદ બ્રિજ પાસે આવેલી નાસીરનગર વસાહતના આંતરિક રસ્તા પર પાલિકા તંત્ર દ્વારા વર્ષો જૂની પાણીની લાઇન જેવી પ્રાથમિક સુવિધા નાખવામાં આવી હતી. આ સત્તાવાર દસ્તાવેજી સ્વીકાર સાબિત કરે છે કે જે જમીનને લઈને હાલ આટલો મોટો વિવાદ ચાલી રહ્યો છે, ત્યાં મનપાની કચેરી દ્વારા ભૂતકાળમાં જ પાયાની સવલતો પૂરી પાડવામાં આવી ચૂકી હતી.

### ભૂતિયા ડિમોલિશનમાં...

નહીં હોય. મનપાના અધિકારીઓની હાજરીમાં જ આ ડિમોલિશન ચાલ્યું અને છતાં પણ અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા તે ખૂબ જ ગંભીર ઘટના છે. ભલે જગ્યા લાઈનદોરીની હતી. ભલે જગ્યા રસ્તા રેખાની હતી પરંતુ યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના જેવી રીતે ડિમોલિશન કરાયું તે ખૂબ જ અયોગ્ય હતું. એવું માનવામાં આવે છે કે આ ભૂતિયા ડિમોલિશન મામલે મ્યુનિ.કમિ.ને પણ અંધારામાં રાખવામાં આવ્યા અને તે કારણે જ હવે મ્યુનિ.કમિ. કડક પગલા લેવા માટે મક્કમ બન્યા છે. મ્યુનિ.કમિ. દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું હતું કે, તપાસ યોગ્ય રીતે થાય તે માટે ડે.કમિ. અને એડિ. સિટી ઈજનેર કક્ષાના અધિકારીઓને કમિટીમાં મુકવામાં આવ્યા છે. તપાસ કમિટીની તપાસ ચાલી રહી છે અને રિપોર્ટ આવતા જ ચોક્કસપણે પગલા લેવામાં આવશે.

# ભણવા બાબતે પિતાએ ઠપકો આપતાં ધો.૧૨ની વિદ્યાર્થિનીએ ઝેર પીધું

સુરતઃ સરથાણામાં ભણવા બાબતે પિતાએ ઠપકો આપતા ધો-૧૨ સાયન્સની વિદ્યાર્થિનીએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૃતક નાના વરાછામાં તપોવન સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના વતની વિશાલભાઈ મંડાણી હાલમાં સરથાણા સાવલિયા સર્કલ પાસે આવેલ પ્રમુખછાયા સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને સિલાઈ મશીનનું ખાતું ધરાવે છે. વિશાલભાઈના સંતાન પૈકી એકની એક ૧૭ વર્ષીય પુત્રી ક્રિના નાના વરાછા રોડ પર આવેલી તપોવન ગ્રુપ ઓફ સ્કૂલમાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. ક્રિનાએ એ-ગ્રુપ લીધું હતું. બુધવારે રાત્રે ક્રિનાએ ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ક્રિના મોબાઈલ ફોન વધારે જોતી હતી. જેના લીધે પિતાએ ભણવા બાબતે ઠપકો આપ્યો હતો. જે ઠપકાનો માઠું લાગી આવતા ક્રિનાએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## અનુસંધાન... પાના પહેલાનું

### અલ-નીનોનું...

જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે કે, આ શરદ ઋતુના અંતમાં અને શિયાળાની શરૂઆતમાં અલ નીનો એટલો તીવ્ર બની જવાની ૬૩ ટકા શક્યતા છે કે તે ૧૯૫૦થી અત્યાર સુધીના ઐતિહાસિક રેકોર્ડમાં સૌથી મોટા અલ નીનો તરીકે સ્થાન પામશે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અલ નીનોને તાત્કાલિક આબોહવા ચેતવણી ગણાવી હતી. ગુટેરેસે એક વિડીયો સંદેશમાં જણાવ્યું હતું કે, અલ નીનોની સ્થિતિ પહેલાથી જ ગરમ થઈ રહેલી દુનિયામાં આગમાં ઘી હોમવાનું કામ કરશે. આ હવામાન પેટર્નની અસરો પ્રદેશ પ્રમાણે બદલાય છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, દુષ્કાળનો સામનો કરી રહેલા મધ્ય પૂર્વના દેશોને આનાથી ફાયદો થઈ શકે છે. ભારત વધુ તીવ્ર હીટ વેવનો સામનો કરી શકે છે, જ્યારે ઓસ્ટ્રેલિયામાં દુષ્કાળ, દાવાનળ અને ગરમીનું જોખમ છે.

### ઓમાનના કાંઠે...

તેવી આ ત્રીજી ઘટના હતી. સોમવારે અમેરિકી દળો દ્વારા પલાઉના ધ્વજવાળા ઓઇલ ટેન્કરને નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું, જેમાં 24 ભારતીય નાવિકો સવાર હતા. આ જહાજ, 'એમટી મેરીવેક્સ'ના તમામ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા. બુધવારે, અમેરિકાએ પલાઉના ધ્વજવાળા અન્ય એક ટેન્કર 'એમટી સેટ્ટેબેલો' પર હુમલો કર્યો હતો, જેમાં સવાર 24 ભારતીય નાવિકોમાંથી ત્રણના મોત થયા હતા.

આ ત્રીજો હુમલો - ગિની-બિસાઉના ધ્વજવાળા જહાજ 'એમટી જલવીર' પર આજે ગુરુવારે થયો હતો. મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું: ઓમાનના સત્તાવાળાઓના સહયોગથી બચાવ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે અને તમામ 20 ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે કિનારે લાવી દેવાયા છે. મિશન આગળની કાર્યવાહી માટે ઓમાનના સત્તાવાળાઓ સાથે સંકલન સાધી રહ્યું છે. મિશને અગાઉ પોસ્ટ કર્યું હતું કે 22 ભારતીય ક્રૂ મેમ્બર્સને બહાર કાઢવામાં આવ્યા છે, અને પાછળથી આ આંકડો સુધારીને 20 કર્યો હતો. વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે જહાજ પર હુમલો થયો હતો. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદ દરમિયાન જહાજો સાથે સંકળાયેલી આ ઘટનાઓ અંગેના પ્રશ્નનો જવાબ આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ હુમલા ત્યાં તૈનાત અમેરિકાની નૌકાસેન દ્વારા કરવામાં આવ્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે ઈરાન સામેના તેના નાકાબંધીનું ઉલ્લંઘન કરીને ઈરાની ઓઈલનું પરિવહન કરવાનો પ્રયાસ કરવા બદલ 'એમટી જલવીર'ને નિષ્ક્રિય કર્યું હતું. તેણે જણાવ્યું હતું કે ક્રૂ મેમ્બર્સ યુએસ દળોના નિર્દેશોનું વારંવાર પાલન કરવામાં નિષ્ફળ રહ્યા તે પછી અમેરિકી એરક્રાફ્ટે જહાજના એન્જિન રૂમ પર હુમલો કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ત્રણ જહાજો પર થયેલા ત્રણ અલગ-અલગ હુમલા યુએસ નેવી તરફથી થયા હતા. બુધવારે સેટ્ટેબેલો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીયોના મોત થયા બાદ, વિદેશ મંત્રાલયે અમેરિકી ચાર્જ ડી'અફેર્સ જેસન મીક્સને સમન્સ પાઠવ્યા હતા અને તેમને વિરોધ પત્ર સોંપવામાં આવ્યો હતો. જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે અમારા દરિયાઈ સમુદાયના કલ્યાણ અને સુખાકારીને ખૂબ જ મહત્વ આપીએ છીએ. જયસ્વાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ હુમલાઓ "બંધ થવા જ જોઈએ.

### ઓમાનના કાંઠે...

છે. તેમણે ઉમેર્યું કે, દુઃખની વાત છે કે, શરૂઆતમાં ગુમ થયેલા જાહેર કરાયેલા ત્રણ ભારતીય નાવિકોના મૃતદેહો મળી આવ્યા અને ઓળખાયા બાદ હવે તેમના મૃત્યુની પુષ્ટિ થઈ છે. પલાઉનો ધ્વજ ધરવાતા 'એમટી સેટેબેલો' જહાજ પર અમેરિકાના લશ્કરે હુમલો કર્યો હતો, આ જહાજમાં મોટાભાગના કર્મચારીઓ ભારતીયો હતા. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ આપણા દરિયાઈ પરિવાર માટે એક મોટી ખોટ છે. તેમણે ઉમેર્યું કે, મોદી સરકાર આ મુશ્કેલ સમયમાં શોકગ્રસ્ત પરિવારોની સાથે મક્કમતાથી ઉભી છે અને તેમના પરિવારજનોને સંપૂર્ણ સહયોગ આપવા માટે પ્રતિબદ્ધ છે. સોનોવાલે જણાવ્યું હતું કે તેમણે અધિકારીઓને બચાવી લેવાયેલા ક્રૂ મેમ્બર્સને તાત્કાલિક સ્વદેશ પરત લાવવા અને મૃતકોના અંતિમ સંસ્કાર માટે તેમના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવાનું સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. ભારતે બુધવારે અમેરિકાના ચાર્જ ડી'અફેર્સને સમન્સ પાઠવીને ઓમાનના દરિયાકાંઠે કોમર્શિયલ જહાજ પર અમેરિકી સૈન્યના હુમલા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો, જેમાં ક્રૂના 24 ભારતીય સભ્યોમાંથી ત્રણ ગુમ થયા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે આ હુમલાની વાત સ્વીકારતા જણાવ્યું હતું કે આ જહાજે ઈરાનથી તેલ લાવવાનો પ્રયાસ કરીને ઈરાની બંદરો પર ચાલી રહેલી અમેરિકી નાકાબંધીનું ઉલ્લંઘન કર્યું હતું.

### દિલ્હી ડાયરી...

નામ પણ જોડાઈ ગયું છે.

#### નીટ પેપર લીક વિવાદઃ શિક્ષણ મંત્રી પર વધતું દબાણ

નીટ પરીક્ષાના પ્રશ્નપત્ર લીક થવાના મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અત્યારે ભારે ટીકાઓનો સામનો કરી રહ્યા છે. જોકે, અત્યાર સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદી તરફથી તેમની સામે કોઈ કડક પગલાં લેવામાં આવ્યાં નથી. આમ છતાં, પ્રધાન આ કટોકટીમાંથી બહાર નીકળવાના વિકલ્પો પર વિચાર કરીને તદ્દન શાંત અને સંયમિત દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે વાલીઓ અને વિદ્યાર્થીઓને ખાતરી આપી હતી કે, દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, તેમના ગૃહ રાજ્ય ઓડિશામાં બિજુ જનતા દળ (બીજેડી) અને કોંગ્રેસે તેમના રાજીનામાની માંગ સાથે તેમનાં પૂતળાં બાળ્યાં હતાં. આમ છતાં પ્રધાન વિપક્ષ કરતાં ઓડિશા ભાજપના જ એવા નેતાઓથી વધુ સાવધ દેખાઈ રહ્યા છે જેઓ તેમના પતનની રાહ જોઈ રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની જીત સુનિશ્ચિત કરવામાં તેમની ભૂમિકાને જોતાં પક્ષનંશ ટોચનું નેતૃત્વ તેમની સામે પગલાં લેવામાં અચકાઈ રહ્યું છે.

જોકે, ઓડિશાના મુખ્યમંત્રી તરીકે મોહન ચરણ માઝીની વરણી થયા બાદ રાજ્યમાં તેમનો પ્રભાવ થોડો ઓછો થયો છે, તેમ છતાં પ્રધાન ઓડિશામાં હજી પણ એક પ્રભાવશાળી નેતા છે. તેઓ ભલે ગમે તેટલા શાંત અને અવિચલિત દેખાતા હોય, પણ એ હકીકત છે કે દબાણ માત્ર તેમના પર જ નહીં, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પણ વધી રહ્યું છે. કારણ કે, પ્રધાનના કાર્યકાળ હેઠળ પ્રશ્નપત્ર લીક થવાનો આ પહેલો કિસ્સો નથી.

#### તમિલનાડુના મુખ્યમંત્રીને વિદેશી નેતાઓની શુભેચ્છાઓ

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે તરફથી અભિનંદન ફોન આવ્યાના થોડા દિવસો બાદ તમિલનાડુના નવા મુખ્યમંત્રી સી. જોસેફ વિજયને વધુ એક વિદેશી મહાનુભાવનો ફોન આવ્યો હતો. મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમે વિજયને શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, તેઓ ચાલુ વર્ષના સપ્ટેમ્બર મહિનામાં જ્યારે બ્રિક્સ સમિટ માટે ભારતની મુલાકાતે આવશે ત્યારે તમિલનાડુ આવીને તેમને મળવાનો પ્રયાસ કરશે.


### શ્રી સુરતી વિશા ખડાયતા વણિત જ્ઞાતિ બેસણું



**નરેન્દ્ર મોહનલાલ માસ્તર**
(સ્વ. તા. 06-06-2026, શનિવાર)

અમારા પિતા શ્રી નરેન્દ્રભાઈ મોહનલાલ માસ્તર
**તારીખ 06-06-2026ને શનિવારના રોજ** શ્રીજીચરણ પામ્યા હતા.

સદગતનું બેસણું તા. 12-06-2026ને શુક્રવારના રોજ સાંજે 05:00 થી 07:00 કલાક દરમિયાન રાખેલ છે.
સ્થળ : જીવન વિકાસ ટ્રસ્ટ-એસી હોલ, ગુજરાત ગેસ ઓફિસની બાજુની ગલી, અડાજણ, સુરત.

**શોકાતુર**

સ્વ. રમીલાબેન નરેન્દ્રભાઈ માસ્તર (પત્ની)

| | |
|---|---|
| હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તર (પુત્ર)-7984275354 | અમિતા હિમાંશુ માસ્તર (પુત્રવધુ) |
| અક્ષય નરેન્દ્રભાઈ માસ્તર (પુત્ર)-9426532283 | જોલી અક્ષય માસ્તર (પુત્રવધુ) |
| મીતાબેન કૌશિકકુમાર જરીવાળા (પુત્રી) | કૌશિકકુમાર હરિકાંતભાઈ જરીવાળા (જમાઈ) |
| માનસી યશકુમાર દલાલ (પૌત્રી) | યશકુમાર પ્રશાંતભાઈ દલાલ (જમાઈ) |

CA ફોરમ અક્ષય માસ્તર (પૌત્રી)

સમસ્ત મોહનલાલ ચુનીલાલ માસ્તર પરિવાર